જામ્બુવા GEB પાસે કટ બંધ કરવા જતાં આસપાસ સોસાયટીના રહીશો રસ્તા પર

પાલિકા સામે ભભૂકતો જનઆક્રોશ

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરના જામ્બુવા GEB પાસે આવેલા મુખ્ય કટને બંધ કરવાની વડોદરા મહાનગરપાલિકાની કામગીરી આજે ભારે વિરોધ, હોબાળા અને ઘર્ષણમાં પરિણમી હતી. પાલિકાની ટીમ શનિવારે સવારે જ્યારે આ વિસ્તારમાં કટ બંધ કરવાની કામગીરી કરવા માટે જેસીબી અને સ્ટાફ સાથે ઘટનાસ્થળે પહોંચી, ત્યારે આસપાસની સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં રસ્તા પર ઉતરી આવ્યા હતા. સ્થાનિક નાગરિકોએ તંત્રની આ એકતરફી કામગીરી સામે ભારે આક્રોશ વ્યક્ત કરી પાલિકાની ટીમને કામ કરતી અટકાવી દીધી હતી. સ્થિતિ વધુ તંગ બનતા રોષે ભરાયેલા રહીશોએ મુખ્ય હાઈવે પર બેસીને ચક્કાજામ કરી દીધો હતો, જેને પગલે થોડી જ વારમાં વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી અને વાહનવ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. વહીવટી તંત્ર અને સ્થાનિક નાગરિકો વચ્ચે

ઉગ્ર બોલાચાલી અને ઘર્ષણના દ્રશ્યો સર્જાતા મામલો બિચક્યો હતો, જેના કારણે પોલીસ કાફલો અને પાલિકાના ઉચ્ચ અધિકારીઓ તાબડતોબ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. સ્થાનિક રહીશોનો સીધો આક્ષેપ છે કે વહીવટી તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની પૂર્વસૂચના કે વૈકલ્પિક રસ્તાની વ્યવસ્થા કર્યા વિના જ અચાનક આ મુખ્ય કટ બંધ કરવાનો નિર્ણય લેવાયો છે. જો આ કટ બંધ કરી દેવામાં આવે, તો હજારો પરિવારો, શાળાએ જતા માસૂમ વિદ્યાર્થીઓ અને નોકરિયાત વર્ગને દરરોજ કિલોમીટરો સુધીના લાંબા ફેરા ખાવા પડશે. આ ઉપરાંત કોઈ મેડિકલ ઈમરજન્સીના સમયે એમ્બ્યુલન્સ કે ફાયર બ્રિગેડ જેવા વાહનો માટે પણ ભારે મુશ્કેલી ઊભી થશે. બીજી તરફ, પાલિકાના અધિકારીઓ ટ્રાફિકનું ભારણ હળવું કરવાના અને અકસ્માતો નિવારવાના બહાના હેઠળ આ કટ બંધ કરવા માટે મક્કમ દેખાઈ રહ્યા છે.

જોકે, જનતાના ઉગ્ર વિરોધ અને ચક્કાજામને પગલે હાલ પૂરતી કામગીરી ખોરંભે પડી છે અને વિસ્તારમાં ભારે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. રહીશોએ ચીમકી ઉચ્ચારી છે કે જ્યાં સુધી પાલિકા દ્વારા યોગ્ય વૈકલ્પિક રસ્તાની લેખિત ખાતરી કે સુવિધા આપવામાં નહીં આવે, ત્યાં સુધી તેઓ આંદોલન સમેટો નહીં કરે અને આ કટ બંધ થવા દેશે નહીં. હાલ આ મામલે કોઈ વચગાળાનો રસ્તો નીકળ્યો ન હોવાથી સમગ્ર પંથકમાં ભારે તણાવભરી શાંતિ જોવા મળી રહી છે.

કન્ઝ્યુમર ફોરમમાં ફરિયાદોનો ઢગલો ,ટેકનિકલ ખામી સામે ઉઠ્યા સવાલ

સ્માર્ટ મીટર કે ગ્રાહકોની લૂંટ? યુનિટ રેટ વધ્યા વિના જ વીજ બિલ બમણા

રહેણાંકમાં વિરોધ બાદ કોમર્શિયલ યુનિટ્સમાં મીટર બદલવાની કામગીરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.27

વડોદરા શહેરમાં સ્માર્ટ મીટર લગાવ્યા બાદ વીજ બિલમાં અચાનક ભારે ઉછાળો આવતા ગ્રાહકોમાં ભારે રોષ ફેલાયો છે. વીજ કંપની દ્વારા યુનિટના દરમાં કોઈ સત્તાવાર વધારો ન કરાયો હોવા છતાં ગ્રાહકોને સામાન્ય કરતાં બમણા કે તેથી વધુ બિલ મળી રહ્યા છે. આ આર્થિક બોજને કારણે કન્ઝ્યુમર ફોરમમાં ફરિયાદોનો ખડકલો થઈ ગયો છે. ઉપભોક્તા અધિકાર સંગઠનના જણાવ્યા મુજબ હાલ સૌથી વધુ ફરિયાદો સ્માર્ટ મીટરને લગતી મળી રહી છે. અગાઉ રહેણાંક વિસ્તારોમાં

ફરજિયાત મીટર બદલવાની પ્રક્રિયા સામે વ્યાપક વિરોધ થતા સરકારે નરમ વલણ અપનાવ્યું હતું. તે સમયે એવી વ્યવસ્થા કરાઈ હતી કે બિલ ન ભરે અને કનેક્શન કપાય તેવી સ્થિતિ સર્જાય ત્યાર બાદ જ સ્માર્ટ મીટર લગાવવામાં આવતા હતા. આ રાહતને કારણે રહેણાંક વિસ્તારોમાં કામગીરી અટકી હતી, પરંતુ હાલ કોમર્શિયલ એટલે કે વ્યાપારી સ્થળોએ સ્માર્ટ મીટર લગાવવાની કામગીરી પૂરજોશમાં ચાલુ છે. ગ્રાહકોની સૌથી મોટી મૂંઝવણ એ છે કે સરકાર અને વીજ કંપની વીજ દરમાં કોઈ વધારો ન થયો હોવાનો દાવો કરે છે. આમ છતાં, સ્માર્ટ મીટર લાગતાની સાથે જ ઘરો અને દુકાનોમાં બિલ બમણા આવી રહ્યા છે. ગ્રાહકો અને સંગઠનોનો આક્ષેપ છે કે સ્માર્ટ મીટરના ટેકનિકલ ચેક પોઈન્ટ્સ અથવા આંતરિક સિસ્ટમમાં ખામી હોવાથી રીડિંગ ખૂબ ઝડપથી અને વધુ આવી રહ્યું છે. આ ટેકનિકલ ખામી કે સંભવિત ગેરરીતિ સામે ન્યાય મેળવવા ગ્રાહકો હવે કન્ઝ્યુમર ફોરમના દ્વાર ખટખટાવી રહ્યા છે. ઉપભોક્તા સંગઠનોએ માંગ કરી છે કે વહેલી તકે આ સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને સ્માર્ટ મીટરનું ટેકનિકલ ઓડિટ કરાવી ગ્રાહકોને રાહત આપવામાં આવે.

માતા અને અંધ પિતાને પોતાની દીકરી ગાળો ભાંડી મારઝૂડ કરતી હોવાનો આક્ષેપ

૫૦ વર્ષની મહિલાની લગ્નની જીદ પકડી માતા પિતા પર ત્રાસ ગુજારવાનુ શરૂ

કાઉન્સેલિંગ દરમિયાન મહિલા માનસિક રીતે અસ્વસ્થ હોય સારવારની સલાહ, દીકરીને સખી વન સ્ટોપ સેન્ટરમાં રિફર કરાઈ

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરાના બાપોદ વિસ્તારમાં 70 વર્ષની વૃદ્ધ માતા અને 76 વર્ષના દ્રષ્ટિહીન પિતા પોતાની જ 50 વર્ષની દીકરીના ત્રાસથી પરેશાન બની ગયા હતા. દીકરી લગ્ન કરવાની જીદ પકડીને વૃદ્ધ માતા પિતા સાથે સતત માર જોડ કરતી અને ગાળાગાળી કરતી હતી. માનસિક હેરાનગતિથી કંટાળેલા વૃદ્ધ દંપતીએ અંતે 181 મહિલા હેલ્પલાઇનની મદદ માગી હતી. 181 મહિલા હેલ્પલાઇનની ટીમ બાપોદ વિસ્તારમાં પીડિતાના ઘરે પહોંચી હતી. ત્યાં 70 વર્ષની મહિલાએ જણાવ્યું કે તેમની 50 વર્ષની દીકરીએ યુવાનીમાં લગ્ન કરવાની ના પાડી હતી, પરંતુ હવે લગ્ન કરવાની જીદ પકડી છે. લગ્ન ન થતાં તે પોતાના વૃદ્ધ માતા-પિતા પર ગુસ્સો ઉતારતી હતી. બંને સાથે વારંવાર મારપીટ કરતી, ગાળો બોલતી અને અપશબ્દો બોલતી હતી. એટલું જ નહીં, તે અચાનક ઘર છોડીને નીકળી જતી હોવાથી વૃદ્ધ માતા-પિતાને તેની ચિંતા પણ સતાવતી હતી. પીડિતાના 76 વર્ષના પતિને આંખે દેખાતું ન હોવાથી બંને વૃદ્ધો માટે પરિસ્થિતિ વધુ કઠિન બની હતી. અન્ય કોઈ સહારો ન હોવાથી તેઓ લાંબા સમયથી દીકરીનો ત્રાસ સહન કરી રહ્યા હતા. આખરે વધુ પડતી મારપીટ થતાં તેમણે 181 મહિલા હેલ્પલાઇનનો સંપર્ક કર્યો. ટીમે સ્થળ પર પહોંચી દીકરીનું કાઉન્સેલિંગ કર્યું. કાઉન્સેલિંગ દરમિયાન તેના વર્તન પરથી તેને માનસિક સ્વાસ્થ્ય સંબંધિત સમસ્યા હોવાની શક્યતા જણાઈ હતી. ટીમે વૃદ્ધ દંપતીને દીકરીને કારેલીબાગ સ્થિત માનસિક આરોગ્ય હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાની સલાહ આપી પણ હતી તેમજ જરૂર પડે તો આધાર હેલ્પલાઇનની મદદ લેવાનું પણ સૂચન કર્યું હતું. કાઉન્સેલિંગ દરમિયાન વૃદ્ધ માતાએ પોતાની સુરક્ષાના કારણોસર દીકરીને ઘરે રાખવાની ના પાડી હતી. બીજી તરફ દીકરી પણ ઘરે રહેવા તૈયાર ન હતી. જેથી 181 મહિલા હેલ્પલાઇનની ટીમે તેને પોતાની વાનમાં બેસાડી સખી વન સ્ટોપ સેન્ટર ખાતે રિફર કરી સુરક્ષિત આશ્રયની વ્યવસ્થા કરી હતી.

તાપમાન ૩૯.૪ ડીગ્રી નોંધાયું

હવે સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થતા વરસાદની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા,તા.27

રાજ્યમાં હાલ સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થવાના કારણે હવામાન વિભાગ દ્વારા આગામી 7 દિવસ સુધી રાજ્યભરમાં વરસાદની આગાહી કરવામાં આવી છે. જોકે, ગરમીનું પ્રમાણ શહેરમાં યથાવત રહેતા લોકો આકરી ગરમી અને ઉકળાટથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. શનિવારે વડોદરાનું મહતમ તાપમાન 39.4 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 29.9 ડીગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 64% અને સાંજે 35% નોંધાયું હતું. હાલ, સિસ્ટમ સક્રિય થતાં જ દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર સહિતના વિસ્તારોમાં મેઘરાજા ધમાકેદાર બેટિંગ કરશે તેવી શક્યતા વ્યક્ત કરાઈ છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં ચોમાસું તો પહોંચી ગયું છે, પણ રાજ્યના ઘણા ભાગોમાં હજુ સુધી વરસાદ પડતો નથી. રાજ્યમાં વરસાદ ન પડતાં ખેડૂતો સહિત અનેક લોકો ચિંતાતુર પણ બન્યા છે. ચોમાસું આમ પણ આ વખતે રાજ્યમાં મોડું પહોંચ્યું છે અને હજુ પણ વરસાદ લાવે તેવા પવનોની ગતિ વધતી નથી રહી. એવામાં વરસાદની ઘટ હોવાથી ખેડૂતો પણ વાવણી કરી શક્યા નથી અને આગામી દિવસોમાં ભારે કે અતિભારે વરસાદ પડે તેવી પણ આગાહી નથી. ગુજરાત હવામાન વિભાગે આગામી કેટલાક દિવસો માટે વરસાદની આગાહી કરી છે.

જોકે આખા રાજ્યમાં વરસાદની આગાહી નથી. આગાહી અનુસાર,જે તે જિલ્લામાં જો વરસાદ પડે તો એ પણ હળવોથી સામાન્ય રહી શકે છે. સામાન્ય રીતે આ દિવસોમાં ચોમાસું ગુજરાતના ઘણા વિસ્તારોને કવર કરી લેતું હોય છે અથવા ઘણા વિસ્તારોમાં ચોમાસા પહેલાંનો વરસાદ પડતો હોય છે, પરંતુ આ બંને સ્થિતિઓ હાલ ગુજરાત માટે અનુકૂળ જણાતી નથી.

૨.૦૨ લાખ બાળકોને પિવડાવાશે રસીના બે ટીપાં

વડોદરામાં ૨૮થી ૩૦ જૂન દરમિયાન 'રાષ્ટ્રીય પલ્સ પોલિયો' અભિયાન

૮૯૧ પોલિયો બૂથ,૮૫ ટ્રાન્ઝિટ પોઈન્ટ અને ૧૭૭૨ ટીમો દ્વારા ઘરે-ઘરે કામગીરી, ૧૧,૫૦૩ વાઈલ રસીનો જથ્થો ઉપલબ્ધ

(પ્રતિનિધિ) વડોદરા,તા.27

મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા તા. 28, 29 અને 30 જૂન, 2026ના રોજ રાષ્ટ્રીય પલ્સ પોલિયો રસીકરણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ શહેરની અંદાજિત 20,05,988ની વસ્તી અને 5,54,026 ઘરોને આવરી લેતા 0 થી 5 વર્ષના કુલ 2,02,558 બાળકોને પોલિયોની રસીના બે ટીપાં પીવડાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

અભિયાનના સફળ અમલીકરણ માટે વ્યાપક તૈયારીઓ કરવામાં આવી છે. શહેરભરમાં 891 પોલિયો બૂથ, 85 ટ્રાન્ઝિટ પોઈન્ટ અને 1772 ટીમોની રચના કરવામાં આવી છે. આ કામગીરીમાં કુલ 3426 ટીમ સભ્યો જોડાશે.

સમગ્ર કામગીરીની દેખરેખ અને માર્ગદર્શન માટે 172 સુપરવાઈઝરોની નિમણૂક કરાઈ છે. અભિયાન માટે કુલ 11,503 પોલિયો રસીની વાઈલ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

તા. 28 જૂનના રોજ તમામ પોલિયો બૂથ પર બાળકોને પોલિયોની રસીના બે ટીપાં પીવડાવવામાં આવશે. ત્યારબાદ તા. 29 અને 30 જૂનના રોજ ઘર-ઘર મુલાકાત દ્વારા રહી ગયેલા બાળકોને આવરી લેવામાં આવશે. ઉપરાંત બસ સ્ટેશન, રેલવે સ્ટેશન અને અન્ય અવરજવરવાળા સ્થળોએ કાર્યરત ટ્રાન્ઝિટ પોઈન્ટ દ્વારા પણ બાળકોને રસી આપવામાં આવશે. વડોદરા મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા તમામ વાલીઓને પોતાના 0 થી 5 વર્ષના બાળકોને નજીકના પોલિયો બૂથ પર લઈ જઈ પોલિયોની રસીના બે ટીપાં અવશ્ય પીવડાવવા અપીલ કરવામાં આવી છે.

ચાર કોંગ્રેસ કાર્યકર્તાઓની ધરપકડ કરાઈ

વડોદરા શહેર યુથ કોંગ્રેસ દ્વારા શિક્ષણમંત્રીના પૂતળાનું દહન

(પ્રતિનિધિ) વડોદરા તા.27

સમગ્ર દેશમા 22 લાખ યુવાઓ દ્વારા NEET ની પરીક્ષા આપવામાં આવી હતી જેનું પેપર લીક થતા પરીક્ષા રદ કરવામાં આવી હતી. પરંતુ ભાજપ દ્વારા શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન નું રાજીનામું નહીં લેવામાં આવ્યું જેના વિરોધમાં આજરોજ વડોદરા શહેર યુથ કોંગ્રેસ પ્રમુખ પવન ગુપ્તા ના નિર્દેશ અનુસાર દેશના શિક્ષા મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન ના રાજીનામાંની માંગ કરી અને તેના પૂતળાનું દહન કર્યું હતું જે દરમિયાન પોલીસ દ્વારા વડોદરા યુથ કોંગ્રેસ પ્રભારી ઈરફાન શેખ, પ્રદેશ ઉપપ્રમુખ નિરાલી જાદવ, અરબાઝ પઠાણ, નિખિલ સોલંકીજુનેદ રાઠોડ, મુનાફ ચીમનવાલા, ઉમંગ સોલંકી, યશ રાજપૂત, વૈભવ જાદવ, રિષિત પટેલ સહીત અન્ય 4 કાર્યકરો ની ધરપકડ કરવામાં આવી હતી

સોશિયલ મીડિયા પર પરિચયમાં આવેલા સાથે લગ્ન મહિલાને ભારે પડ્યા

વડોદરા : વડોદરામાં પ્રેમલગ્ન કરનાર એક પરિણીતાએ સાસરીયાઓ દ્વારા સતત માનસિક અને શારીરિક ત્રાસ અપાતો હોવાનો આક્ષેપ કર્યો હતો. એક વર્ષની દીકરીને લઈને સર્જાયેલા વિવાદ બાદ મહિલાએ પોતાની સુરક્ષાને લઈને ડર વ્યક્ત કરતાં કાઉન્સેલિંગ પછી તેને તાત્કાલિક આશ્રય માટે સખી વન સ્ટોપ સેન્ટરમાં રાખવાની વ્યવસ્થા કરવામાં આવી છે. વડોદરાની એક પરિણીતાએ જણાવ્યું કે તેમણે પરિવારની મરજી વિરુદ્ધ પ્રેમલગ્ન કર્યા હતા. લગ્નના શરૂઆતના સમયમાં દાંપત્ય જીવન સુખમય રહ્યું હતું, પરંતુ સમય જતાં સાસરીયાઓ તરફથી માનસિક તેમજ શારીરિક ત્રાસ શરૂ થયો હતો. મહિલાના જણાવ્યા મુજબ, એક વર્ષની દીકરીના જન્મ બાદ પતિ નાની-નાની બાબતોમાં ઝઘડા કરી મારપીટ કરવા લાગ્યો હતો. ત્રાસથી કંટાળીને મહિલા પોલીસમાં ફરિયાદ કરવા નીકળી હતી. અંતે ત્કાલિક સુરક્ષિત રહેવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

CCTVમાં કેદ થઈ ચોરી ત્રિપૂટી

આજવા રોડ પર બંધ મકાનમાંથી માત્ર ૧૦ મિનિટમાં તસ્કરોનો હાથફેરો

રૂ.1.86 લાખના સોના-ચાંદીના દાગીના ચોરી ફરાર

(પ્રતિનિધિ) વડોદરા તા.27

વડોદરા શહેરના આજવા રોડ પર આવેલી ઓલીવન રેસીડેન્સીમાં તસ્કરોએ માત્ર 10 મિનિટમાં બંધ મકાનનું તાળું તોડી રૂ.1.86 લાખના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી ફરાર થઈ જતાં ચકચાર મચી છે. સમગ્ર ઘટના સામેના મકાનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ છે. બાપોદ પોલીસે ત્રણ તસ્કરો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વડોદરા શહેરના આજવા રોડ પર આવેલી ઓલીવન રેસીડેન્સીમાં બ્રિજેશકુમાર પ્રકાશભાઈ પટેલ પોતાની દાદી સાથે રહે છે અને પાન પાર્લરનો વ્યવસાય કરે છે.

ગત 23 જૂને તેઓ ઘર બંધ કરીને પોતાના વતન કોઠંબા ગયા હતા. બીજા દિવસે સવારે તેમના મકાનના પ્રથમ માળે રહેતા ભાડૂઆત જીતેન્દ્રભાઈએ ફોન કરીને ઘરના મુખ્ય દરવાજાનું તાળું તૂટેલું હોવાનું જણાવ્યું હતું.

આ જાણ થતાં બ્રિજેશકુમાર તાત્કાલિક વડોદરા પરત ફર્યા હતા. ઘરમાં પ્રવેશતા બેડરૂમનો સામાન વેરવિખેર હાલતમાં જોવા મળ્યો હતો. કબાટ અને તેની અંદરના લોકરનું તાળું તૂટેલું હતું. તપાસ કરતા લોકરમાં રાખેલા સોના-ચાંદીના દાગીના મળી રૂ.1.86 લાખની કિંમતનો મુદ્દામાલ ચોરી થઈ ગયો હોવાનું સામે આવ્યું હતું. ચોરી બાદ બ્રિજેશકુમારે સામેના મકાનમાં લાગેલા સીસોટીવી કેમેરાના ફૂટેજ તપાસ્યા હતા.

ફૂટેજમાં ત્રણ અજાણ્યા તસ્કરો માત્ર 10 મિનિટમાં સમગ્ર ચોરીને અંજામ આપતા જોવા મળ્યા હતા. જોકે આસપાસના લોકોને શંકા જતાં તસ્કરો ઊભી પૂંછડીએ સ્થળ પરથી ભાગી ગયા હતા.બનાવ અંગે બાપોદ પોલીસ સ્ટેશનમાં ત્રણ અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ફૂટેજના આધારે ચોરોની ઓળખ કરી તેમની ધરપકડ માટે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

રિજનલ સમિટને લઈ પોલીસ વિભાગ એલર્ટ

GSFC ખાતે ડોગ સ્ક્વોડ અને BDDS દ્વારા સઘન ચેકિંગ

(પ્રતિનિધિ) વડોદરા તા.27

ગુજરાતમાં નવા ઉદ્યોગોને આકર્ષવા તેમજ હાલના ઉદ્યોગોમાં વધુ મૂડીરોકાણને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકાર દ્વારા આયોજિત વાયબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટની ચોથી બેઠક આગામી 29 અને 30 જૂનના રોજ વડોદરામાં યોજાશે. શહેરના GSFC કેમ્પસ ખાતે યોજાનારી આ સમિટમાં વિવિધ ઉદ્યોગો, સંસ્થાઓ અને સરકારી વિભાગો વચ્ચે અનેક મહત્વપૂર્ણ એમઓયુ (MOU) પર હસ્તાક્ષર થવાના હોવાનુ જાણવા મળી રહ્યું છે. સમિટમાં મુખ્યમંત્રી સહિત રાજ્ય સરકારના મંત્રીઓ, વરિષ્ઠ અધિકારીઓ અને ઉદ્યોગ જગતના અગ્રણીઓ સહિતના VVIP મહાનુભાવોની ઉપસ્થિતિ રહેવાની હોવાથી વડોદરા પોલીસ દ્વારા સુરક્ષા વ્યવસ્થાને લઈને અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. શનિવારે પોલીસના ઉચ્ચ અધિકારીઓએ

GSFC કેમ્પસની મુલાકાત લઈ સમગ્ર સ્થળનું નિરીક્ષણ કર્યું હતું. ડોગ સ્ક્વોડ અને બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેકશન સ્ક્વોડ (BDDS) ની ટીમ દ્વારા કાર્યક્રમ સ્થળ અને આસપાસના વિસ્તારોમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. સુરક્ષાની દૃષ્ટિએ દરેક પ્રવેશદ્વાર અને મહત્વના સ્થળોની તપાસ કરવામાં આવી હતી. બીજી તરફ, VVIP અવરજવરને ધ્યાનમાં રાખીને વડોદરા શહેરમાં પણ તૈયારીઓ તેજ બની છે. મુખ્ય માર્ગો પર સાફસફાઈ, લાઈટિંગ, ટ્રાફિક વ્યવસ્થા અને અન્ય નાગરિક સુવિધાઓને સુદૃઢ બનાવવા માટે સંબંધિત વિભાગો દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે.

CWC અને DCPU ની સંવેદનશીલ કામગીરી , પાંચ મહિનાની જહેમત લાવી રંગ

ઉત્તરાખંડ ખાતે બાળકનું પરિવાર સાથે સફળ માતૃ-મિલન કરાવાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.૨૭

જિલ્લા બાળ સુરક્ષા એકમ (DCPU) અને ચાઈલ્ડ વેલફેર કમિટી (CWC) દ્વારા 11 વર્ષના એક બાળકને તેના પરિવાર સાથે સફળતાપૂર્વક પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. બાળક ગત 1 ફેબ્રુઆરી, 2026ના રોજ તેના કાકાના ઘરેથી ભાગી ગયો હતો. ત્યારબાદ ચાઈલ્ડલાઈન અને રેલવે પ્રોટેક્શન ફોર્સ દ્વારા તેને વડોદરાના સમાજ સુરક્ષા સંકુલમાં લાવવામાં આવ્યો હતો. બાળક સંસ્થામાં આવ્યા બાદ જિલ્લા બાળ સુરક્ષા એકમના સ્ટાફ અને સામાજિક કાર્યકરોએ પરિવારની શોધખોળ શરૂ કરી હતી. પાંચ મહિના સુધી સતત કાઉન્સેલિંગ અને ફોલો-અપ છતાં શરૂઆતમાં પરિવારનો કોઈ સભ્ય તેની કસ્ટડી લેવા તૈયાર થયો નહોતો. તપાસમાં જાણવા મળ્યું

કે બાળકના પિતાનું અવસાન થઈ ચૂક્યું છે અને માતા દૈનિક મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. બાળક અગાઉ પણ અનેક વખત ઘરેથી ભાગી ગયો હતો તેમજ અન્ય રાજ્યના બાળ આશ્રમમાં રહી ચૂક્યો હતો. બાળકના શ્રેષ્ઠ હિતને ધ્યાનમાં રાખીને અન્ય રાજ્યમાં રહેતા સગા-સંબંધીઓ તેમજ ત્યાંની ચાઈલ્ડ વેલફેર કમિટી, એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટ અને જિલ્લા બાળ સુરક્ષા એકમ સાથે સતત સંકલન કરવામાં આવ્યું. શરૂઆતમાં પરિવારે જવાબદારી સ્વીકારવામાં અસમર્થતા દર્શાવી હતી, પરંતુ બંને રાજ્યોની ટીમો વચ્ચે કાઉન્સેલિંગના અનેક રાઉન્ડ બાદ પરિવાર બાળકને સ્વીકારવા તૈયાર થયો. અંતે વડોદરાની ટીમ ઉત્તરાખંડ પહોંચી, પરિવારના વાતાવરણની ચકાસણી કર્યા બાદ બાળકને સત્તાવાર રીતે તેના પરિવારને સોંપ્યો હતો. આ સમગ્ર કામગીરી જિલ્લા બાળ સુરક્ષા એકમ, ચાઈલ્ડ વેલફેર કમિટી અને સમાજ સુરક્ષા સંકુલના સંકલિત પ્રયાસો તથા બાળકના શ્રેષ્ઠ હિત પ્રત્યેની પ્રતિબદ્ધતાનું ઉત્તમ ઉદાહરણ બની છે.

નશામાં ધૂત શખ્સોએ લારી તોડી, 7 હજારની રોકડ લૂંટી

શહેરમાં અસામાજિક તત્વોની આમલેટની લારી પર દાદાગીરી

(પ્રતિનિધિ) વડોદરા,તા.27

વડોદરા શહેરના ગણેશનગર રોડ નજીક ઋષિ પાર્ક સોસાયટી ચાર રસ્તા વિસ્તારમાં આમલેટની લારી પર મારામારી અને તોડફોડની ઘટના સામે આવી છે. કેટલાક શખ્સોએ જમ્યા બાદ લારી ધારકે પૈસા માંગતા કેટલાક શખ્સોએ તેઓ સાથે મારામારી કરી બાદમાં લારીમાં પણ તોડફોડ કરી હતી. ફરિયાદી લારી સંચાલક સંજય વણઝારાએ આક્ષેપ કર્યો છે કે રાત્રે નશાની હાલતમાં કેટલાક લોકો જમવા આવ્યા હતા. પૈસા માંગતા તેઓ ગુસ્સે થઈ ગયા અને પોતાને ગુંડા-ડોન ગણાવી અન્ય લોકોને બોલાવી હુમલો કર્યો હતો. આરોપીઓએ લારીની તોડફોડ કરી ગલ્લામાં રાખેલા 5 થી 7 હજાર રૂપિયાની રોકડ લૂંટી લીધી હતી. ઘટના સમયે સંજયભાઈ જીવ બચાવી ભાગી છૂટ્યા અને 112 પર કોલ કરી પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં અરજી પણ નોંધાવી હતી. ફરિયાદીએ વધુ આક્ષેપ કર્યો છે કે ગણેશનગર માર્કેટમાં શિવા નામનો વ્યક્તિ લુખ્ખાગીરી કરે છે અને દર મહિને તેમની પાસેથી હપ્તો ઉઘરાવે છે. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગુજરાતમાં ચોમાસા પહેલા શાળાઓ માટે સરકારની કડક ગાઈડલાઈન જાહેર

ઈલેક્ટ્રિક રિપેરિંગ ફરજિયાત, આચાર્ય-શિક્ષકોને હેડક્વાર્ટર નહીં છોડવા આદેશ

(પ્રતિનિધિ) વડોદરા,તા.27

રાજ્યમાં ચોમાસાનું આગમન થઈ ચૂક્યું છે ત્યારે વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓ અને પ્રાથમિક શિક્ષણાધિકારીઓને મહત્વની ગાઈડલાઈન જાહેર કરી છે. આ આદેશ મુજબ તમામ સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓના આચાર્ય અને શિક્ષકોએ ચોમાસા દરમિયાન પૂર્વ મંજૂરી વિના હેડક્વાર્ટર નહીં છોડવાનું રહેશે. શિક્ષણ વિભાગ દ્વારા જારી કરાયેલા પરિપત્રમાં સ્પષ્ટ જણાવાયું છે કે વરસાદ શરૂ થાય તે પહેલા શાળાના તમામ ઈલેક્ટ્રિક સમારકામ સહિતના કામો યુદ્ધના ધોરણે પૂર્ણ કરી દેવાના રહેશે. ખાસ કરીને જર્જરિત ક્લાસરૂમ, ખુલ્લા વાયર, પાણી ભરાવાની સમસ્યા, છત લીકેજ જેવા મુદ્દાઓ પર તાત્કાલિક

ધોરણે કામગીરી કરવા આદેશ અપાયો છે. જેથી વરસાદ દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને વિદ્યાર્થીઓની સુરક્ષા જોખમાય નહીં. ગાઈડલાઈનમાં વધુમાં જણાવાયું છે કે દરેક શાળાના આચાર્યએ પોતાની શાળાનું સેફ્ટી ઓડિટ કરાવવાનું રહેશે. જો કોઈ બિલ્ડીંગ અત્યંત જર્જરિત હાલતમાં હોય તો તાત્કાલિક ધોરણે તેનો ઉપયોગ બંધ કરી વિદ્યાર્થીઓને સુરક્ષિત સ્થળે શિફ્ટ કરવાના રહેશે. સાથે જ શાળાના મેદાન કે આસપાસ વરસાદી પાણી ભરાઈ ન રહે તે માટે પણ યોગ્ય નિકાલની વ્યવસ્થા કરવા સૂચના અપાઈ છે. ચોમાસા દરમિયાન કોઈપણ કટોકટીની સ્થિતિમાં તાત્કાલિક પગલાં લઈ શકાય તે માટે આચાર્ય અને શિક્ષકોએ ફરજિયાતપણે શાળાના હેડક્વાર્ટર ખાતે હાજર રહેવાનું રહેશે. રજા માટે પૂર્વ મંજૂરી લેવી ફરજિયાત કરવામાં આવી છે. જિલ્લા શિક્ષણાધિકારીઓને પણ નિયમિતપણે શાળાઓની મુલાકાત લઈ આ કામગીરીનું મોનિટરિંગ કરવા જણાવાયું છે. ઉલ્લેખનીય છે કે દર વર્ષે ચોમાસા દરમિયાન રાજ્યની કેટલીક શાળાઓમાં છત પડવી, દીવાલ ધરાશાયી થવી કે વીજ કરંટ લાગવા જેવા બનાવો સામે આવતા હોય છે. જેને ધ્યાનમાં રાખીને આ વર્ષે સરકારે અગમચેતીના ભાગરૂપે વરસાદ પહેલા જ આ કડક ગાઈડલાઈન બહાર પાડી દીધી છે. સરકારના આ નિર્ણયને વાલીઓ દ્વારા પણ આવકારવામાં આવી રહ્યો છે.